

# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

(૧) સાહિત્યયાત્રા–૫નું આયોજન તા. ૨૪-૯-૦૯થી ૩૦-૯-૦૯ સુધી મધ્ય ગુજરાતનાં વિવિધ સ્થળોએ કરવામાં આવ્યું : વડોદરા, સાવલી, ગોધરા, લુણાવાડા, આણંદ / વલ્લભવિદ્યાનગર, નડિયાદ, ધંધુકા. અનેક સાહિત્યકારો, કેળવણીકારો, વિદ્યાર્થીઓ, ચિંતકોનું આ પરસ્પરનું મિલન ખૂબ ફળદાયી નીવડ્યું. ઓળખાણો અને સહચિંતનથી સૌ એકબીજાની વધુ નજીક આવ્યાં, તેમજ આપણી ભાષા અને સાહિત્યને વધુ વિકસિત કરવા તરફના વિચારો પ્રકટ થયા – કાર્યરત થયા. પરિષદપ્રમુખશ્રી નારાયણભાઈની કેટલેક સ્થળે ઉપસ્થિતિ રહી, જે એક પ્રબળ આકર્ષણ બની રહી. બેત્રણ સ્થળોએ નીકળેલી ગ્રંથ-યાત્રાઓનું દૃશ્ય અતિ આહ્‌લાદક અને ઉત્સાહપ્રેરક રહ્યું. શ્રી રાજેન્દ્ર પટેલ સમગ્ર કાર્યક્રમના સંયોજક હતા.

(૨) **સાહિત્યયાત્રાનું સમાપન પર્વ :** ગુજરાતનાં જુદાં જુદાં સ્થળોએ પરિષદ-પ્રમુખની રાહબરી હેઠળ યોજાયેલી સાહિત્યયાત્રાનો અંતિમ અવસર તા. ૧-૧૦-૦૯ (ગુરુવાર) અને તા. ૨-૧૦-૦૯ (શુક્રવાર)ના દિવસોએ અમદાવાદ મુકામે ઊજવાઈ ગયો. તા. ૧-૧૦ના રોજ સવારે ૯.૦૦ કલાકે ગ્રંથયાત્રા ગુજરાત વિદ્યાપીઠથી નીકળી ગુજરાતી સાહિત્ય પરિષદ પર આવી, જેમાં પ્રમુખશ્રી નારાયણ દેસાઈ, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી કુમારપાળ દેસાઈ, તેમજ અન્ય સાહિત્યકારો, વિદ્યાર્થીઓ જોડાયા હતા. પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં પરિષદ-પ્રકાશિત તેમજ અન્ય પુસ્તકોનું એક પુસ્તકપ્રદર્શન ગોઠવેલું. શ્રી નારાયણ દેસાઈએ તેનું ઉદ્‌ઘાટન કર્યું અને સૌએ વિદ્વાનોનાં પુસ્તકોની વચ્ચેથી પસાર થતાં ગર્વ અને આનંદનો અનુભવ કર્યો.

પછી તરત રા. વિ. પાઠક સભાગૃહમાં એક સાહિત્ય-સંગોષ્ઠિ યોજવામાં આવેલી – લેખકો-સાહિત્યકારો અને વિદ્યાર્થીઓ વચ્ચે. આરંભમાં શ્રી રાજેન્દ્ર પટેલે સાહિત્યયાત્રાની પરિકલ્પનાથી શરૂ કરી છેલ્લે સુધીનો એક ખ્યાલ આપતી ભૂમિકા ટૂંકમાં બાંધી આપી. પહેલાં બે વિદ્યાર્થી-વાચકોએ પોતાને પ્રિય પુસ્તકની વાત કરી. બહેન હીરલ આયરે સુન્દરમની કેટલીક પસંદ કરેલી વાર્તાઓ વિશે, તેમાં પ્રકટતી સમાજમાં નારીની સ્થિતિ વિશે તેમજ સામાજિક દૂષણો વિશે સ્પષ્ટતાથી વાત કરી. સભાનું સંચાલન કરતાં શ્રી અનિલા દલાલે બહેન હીરલને બીજી થોડી વાર્તાઓ વાંચવા અનુરોધ કરી તુલનાત્મક દૃષ્ટિથી નારીવિષયક વિચારોને તપાસવા જણાવ્યું. શ્રી ગિરીશ ગોહિલે બંગાળી લેખક શ્રી વિભૂતિભૂષણ બંદ્યોપાધ્યાયની નવલકથા ‘આરણ્યક’ની વિશદતાથી ચર્ચા કરતાં કરતાં લેખકની પ્રકૃતિ-વર્ણનની ક્ષમતા, ઘટના-વિનિયોગ (પાતળી જ કથાવસ્તુ છતાં) તેમજ ચરિત્રચિત્રણ ખોલી આપી એક ઉત્તમ લેખક તરીકે તેમની સ્થાપના કરી આપી. બન્ને વિદ્યાર્થીઓએ કરેલી વાત અભિનંદનને પાત્ર રહી. તે પછી શ્રી નારાયણ દેસાઈ, શ્રી રઘુવીર ચૌધરી અને શ્રી હરિકૃષ્ણ પાઠકે વિદ્યાર્થીઓની પુસ્તકપ્રીતિ વધે તેમજ વાચન તરફ ખેંચાય



એ વિશે પુસ્તકોનાં તેમજ અન્ય ઉદાહરણોથી પોતાની વાત રજૂ કરી. શ્રી મનસુખ સલ્લાએ આભારવિધિ કરી.

તા. ૧-૧૦ બપોરે જુદી જુદી સંસ્થાઓમાં જુદા જુદા વક્તાઓ – લેખકોના વાર્તાલાપો યોજાયા હતા : શ્રી ચી. ના. વિદ્યાવિહાર ઉચ્ચતર માધ્યમિક શાળામાં શ્રી ઉષા ઉપાધ્યાય અને શ્રી દીવાન ઠાકોર, શ્રી મ. દે. મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠમાં શ્રી સતીશ વ્યાસ અને શ્રી કીર્તિદા શાહ, તેમજ ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટીમાં શ્રી રતિલાલ બોરીસાગર. સૌએ વિશદતાથી પ્રોત્સાહક વક્તવ્યો આપ્યાં.

તા. ૧-૧૦ સાંજે ૬.૦૦ કલાકે શ્રી નારાયણ દેસાઈની ઉપસ્થિતિમાં કવિ-સંમેલનનું આયોજન થયું. તેમાં નીચેના કવિઓએ પોતાનાં કાવ્યો – ગીતો – ગઝલો રજૂ કર્યાં : અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, ચંદ્રેશ મકવાણા, હરદ્વાર ગોસ્વામી, રાજેન્દ્ર પટેલ, પ્રવીણ પંડ્યા, ઉષા ઉપાધ્યાય, બારીન મહેતા, રઘુવીર ચૌધરી, હરિકૃષ્ણ પાઠક, ધીરુ પરીખ, ચિનુ મોદી, રાજેન્દ્ર શુક્લ. શ્રોતાઓએ પઠનને માણ્યું. કવિસંમેલનનું સંચાલન શ્રી પ્રવીણ પંડ્યાએ કર્યું હતું.

ગાંધીજયંતી તા. ૨-૧૦-૦૯ની સવારે સાહિત્યયાત્રા દરમિયાન જેમનો મહત્ત્વનો યોગ હતો તે સૌનું પ્રતિનિધિત્વ કરતાં ત્રણ વક્તાઓએ યાત્રાની પૂર્ણાહુતિ પ્રસંગે પોતાનાં સંસ્મરણો હૃદયથી નિરૂપ્યાં. નવસારીના શ્રી મહાદેવભાઈ દેસાઈ પોતે તો એ વિસ્તારમાં એક વાચન-યજ્ઞ ચલાવી રહ્યા જ છે. દરમિયાન પરિષદની આ યાત્રા એમાં જોડાઈ. તેમણે એ વિસ્તારમાં વાચન માટે પ્રેરક જે જુદા જુદા પ્રયત્નો કર્યા છે – પ્રાથમિક શાળા-મહાશાળા-કૉલેજ વગેરે સ્તરોએ સ્પર્ધાઓ ગોઠવી છે તેના આયોજનની વાત કરી. સાયલાથી આવેલા શ્રી ચંદ્રકાન્ત વ્યાસે તો આજુબાજુનાં ગામોની શાળાઓમાં પોતે જઈ, પ્રતિનિધિઓ મોકલી, અંતરિયાળ વિસ્તારોમાં પણ વાચનપ્રેમને જલતો રાખવા શું શું કરી રહ્યા છે તેની વિગતો આપી. કચ્છ-માંડવીથી આવેલા શ્રી ગોરધન કવિએ પણ પોતાના તેમજ અન્ય સાથીઓના આવા પ્રયત્નોની વાત કરી, પરિષદ જેવી સંસ્થા એમાં આમ જોડાય, સહયોગ આપે છે ત્યારે કાર્ય ચેતનવંતું બને છે એમ જણાવ્યું. શ્રી નારાયણ દેસાઈ અને શ્રી રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં. સાહિત્યયાત્રા દરમિયાન જેમની સતત, અ-ખંડ ઉપસ્થિતિ રહેલી તેવા કવિશ્રી રાજેન્દ્ર શુક્લએ અધ્યક્ષસ્થાનેથી યાત્રાની ફલશ્રુતિ વિશે થોડી વાત કરી. કવિ તો ‘કાવ્ય’ની ભાષાથી વાત રજૂ કરે, વિવેચનાત્મક શૈલીમાં નહીં, એમ જણાવી કાવ્ય-પંક્તિઓથી સમાપન કર્યું. શ્રી ભારતી ર. દવેએ આભારદર્શન કર્યું.

(૩) **પરિસંવાદ :** તા. ૨-૧૦ની સાંજે ૫.૦૦ કલાકે શ્રી નારાયણ દેસાઈ લિખિત પ્રતિષ્ઠિત ગ્રંથ ‘મારું જીવન એ જ મારી વાણી’ અને શ્રી ત્રિદીપ સુહૃદ દ્વારા એ ગ્રંથના અંગ્રેજીમાં અનૂદિત ગ્રંથ ‘My Life is My Message’ વિશે એક પરિસંવાદ પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં રાખવામાં આવ્યો હતો. ગાંધીનગરના પરિષદના અધિવેશન વખતે પ્રમુખશ્રી નારાયણ દેસાઈને સ્વાગત સમિતિ તરફથી ગાંધીજીની પ્રતિમા અર્પિત કરવામાં આવી હતી તે પ્રતિમા તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદના ગ્રંથાલયમાં યોગ્ય સ્થળે મુકાય એવો વિચાર રજૂ કર્યો હતો. તેને અનુલક્ષીને આ પરિસંવાદના આરંભે, ગાંધીજયંતીના દિવસે ગ્રંથાલયમાં એ પ્રતિમાનું દક્ષાબહેન પટ્ટણીના હસ્તે પ્રતિસ્થાપન કરવામાં આવ્યું હતું.

પરિસંવાદના પ્રારંભે દિલ્હી સ્થિત, રાજ્યશાસ્ત્રના પ્રસિદ્ધ વિદ્વાન આશિષ નાન્દીએ

ગ્રંથના અંગ્રેજી અનુવાદનું સ્વાગત કરતાં ગાંધીજીના જીવન વિશે પ્રભાવક પ્રવચન કર્યું. ગાંધીવિચારના ઊંડા અભ્યાસી દક્ષા પટ્ટણીએ ગુજરાતી ગ્રંથને કેન્દ્રમાં રાખી ગ્રંથનો સમગ્રદર્શી આલેખ આપ્યો હતો. અંગ્રેજીના અધ્યાપક અને આદિવાસી એકૅડેમી, તેજગઢના સ્થાપક ગણેશ દેવીએ ત્રિદીપ સુહૃદના આ ચાર ભાગોમાં વિસ્તરેલા બૃહત્ ગ્રંથના અનુવાદની તેમજ અનુવાદકાર્યની, આટલો બૃહત્ પ્રકલ્પ લઈ સમયમર્યાદામાં પૂરો કરવા માટેની સરાહના કરી. નિરીક્ષકના તંત્રી પ્રકાશ ન. શાહે આ ગ્રંથ વિશે બોલતાં શ્રી કૃપાલાનીની આત્મકથા સાથે તેને સરખાવી પોતાની વાત કરી. ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ, ગાંધીનગરના અધ્યાપક અને સમાજવિદ્યાના તજ્જ્ઞ શિવ વિશ્વનાથને તેમની લાક્ષણિક શૈલીમાં ગાંધીજીવનની મીમાંસા કરી. અનુવાદક ત્રિદીપ સુહૃદે કૃતજ્ઞભાવે પોતાનો પ્રતિભાવ આપ્યો હતો. પ્રમુખશ્રી નારાયણ દેસાઈની ઉપસ્થિતિએ પ્રસંગને ગૌરવપૂર્ણ બનાવ્યો હતો. આ સાંજે સમગ્ર ગોવર્ધન સ્મૃતિમંદિર શ્રોતાઓથી (જેમાં યુવાન શ્રોતાઓની સંખ્યા નોંધપાત્ર ગણાય) છલકાઈ ગયું હતું. સંચાલન તેમજ આભારવિધિ અનિલા દલાલે કર્યાં હતાં.

(૪) **રવીન્દ્રભવન :** તા. ૭-૧૦-૨૦૦૯ બુધવાર સાંજે ગોવર્ધન સ્મૃતિમંદિરમાં પરિષદ સંચાલિત રવીન્દ્રભવનના ઉપક્રમે શ્રી ભોળાભાઈ પટેલે 'રવીન્દ્રનાથનો વિવેચનગ્રંથ : પ્રાચીન સાહિત્ય' વિશે બીજો વાર્તાલાપ આપ્યો હતો. તેમણે રવીન્દ્રનાથના લેખ 'કુમારસંભવ અને શકુન્તલા' વિશે વાત કરતાં જણાવ્યું કે રવીન્દ્રનાથ બન્ને કૃતિઓમાં ભાવપરિવર્તનને સ્થાપિત કરી રહ્યા છે : કવિએ બતાવ્યું છે કે મોહમય હોઈ જે અકૃતાર્થ છે તે જ મંગલમય થઈ કૃતાર્થ બને છે; જે સૌન્દર્ય ધર્મથી સંયત છે તે જ ધ્રુવ છે અને પ્રેમનું શાન્ત, કલ્યાણરૂપ જે શ્રેષ્ઠ રૂપ છે. પછી ભોળાભાઈએ 'રામાયણ' પરના રવીન્દ્રનાથના લેખની ચર્ચા કરતાં જણાવ્યું કે તેમાં રામનું ચરિત્ર માનવચરિત્ર છે માટે જ તે મહિમાપૂર્ણ છે એ બાબતને રવીન્દ્રનાથ ખોલી આપે છે. રવીન્દ્રનાથના 'મેઘદૂત' વિશેના લેખની સાથે સાથે ભોળાભાઈએ કવિના મેઘદૂત વિશેનાં બે કાવ્યોની વાતને પણ ગૂંથી લીધી હતી. સમગ્ર વક્તવ્ય અભ્યાસપ્રચુર અને રસપૂર્ણ રહ્યું હતું.

## ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ-૯

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | ક. લા. સ્વાધ્યાય મંદિરમાં મળેલ દાન : | | |
| | બી. કે. મજમુદાર ચેરિટી ટ્રસ્ટ | અમદાવાદ | ૨,૫૦,૦૦૦ |
| | (હ. શ્રી શ્રેણિકભાઈ શેઠ તરફથી) | ,, | ૧,૫૦,૦૦૦ |
| ૨. | અનિરુદ્ધનિધિ (લેખકનિધિ માટે મળેલ દાન : | | |
| | હ. શ્રી હરેશભાઈ મહેતા (હ. શ્રી અંકિત ત્રિવેદી) | – | ૩૧,૦૦૦ |
| ૩. | જયંતિ દલાલ શતાબ્દી નિમિત્તે મળેલ દાન : | | |
| | પૂર્ણિમાબહેન પાઠક | અમદાવાદ | ૫,૦૦૦ |
| ૪. | પરબ અપીલ પેટે મળેલ દાન : જયંત આર. પટેલ | હિમ્મતનગર | ૫૦૦ |
| ૫. | ચિ. મં. ગ્રંથાલય માટે મળેલ દાન : દિલીપ ચંદુલાલ | અમદાવાદ | ૧,૦૦૦ |



## સમાચાર-નોંધ

ગુજરાતી સાહિત્ય પરિષદની વિવિધ કામગીરી અને હોદ્દાઓ માટેની ચૂંટણી યોજાઈ હતી. તેમાં કેટલાક ઉમેદવારોએ ચૂંટણી ન કરવી પડે એ માટે, સ્વૈચ્છિક રીતે પોતાની ઉમેદવારી પાછી ખેંચીને, ઉત્તમ પરંપરા જાળવવામાં સહકાર આપ્યો છે તેની સાનંદ નોંધ લેવી જોઈએ.

વિવિધ કામગીરી માટે બિનહરીફ વરણી પામેલા અને જેમણે પોતાની ઉમેદવારી પાછી ખેંચી છે તેવા સભ્યોની યાદી નીચે આપી છે. ગુ. સા. પરિષદનાં કામગીરી અને વિકાસમાં આ તમામ સભ્યો સક્રિય રહેશે તેવી ભાવના સૌએ દર્શાવી છે.

**વહીવટી મંત્રી**

### કાર્યવાહક સમિતિ (૧-૧-૨૦૧૦થી ૩૧-૧૨-૨૦૧૩)

| ક્રમ | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | વર્ષા અડાલજા | ઉપપ્રમુખ | મુંબઈ |
| ૨ | અનિલા દલાલ | ઉપપ્રમુખ | અમદાવાદ |
| ૧ | રાજેન્દ્ર બી. પટેલ | વહીવટીમંત્રી | અમદાવાદ |
| ૨ | પ્રફુલ્લ રાવલ | પ્રકાશનમંત્રી | વીરમગામ |
| ૩ | નીતિન વડગામા | પ્રસારમંત્રી | રાજકોટ |
| ૪ | જનક નાયક | વિકાસમંત્રી | સુરત |
| ૧ | માધવ રામાનુજ | કોષાધ્યક્ષ | અમદાવાદ |
| ૧ | પ્રકાશ ન. શાહ | સામાન્ય સભ્ય | અમદાવાદ |
| ૨ | ભોળાભાઈ પટેલ | ,, | ,, |
| ૩ | મોહન પરમાર | ,, | ,, |
| ૪ | રવીન્દ્ર પારેખ | ,, | સુરત |
| ૫ | પ્રકાશચંદ્ર આર. પંડ્યા | ,, | મહેસાણા |
| ૬ | વિરંચિ એમ. ત્રિવેદી | ,, | વડોદરા |
| ૭ | હરિકૃષ્ણ પાઠક | ,, | ગાંધીનગર |

### ઉમેદવારી પરત ખેંચેલા સભ્યોની યાદી

| | ક્રમ | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|---|
| ૧ | ૧ | માધવ રામાનુજ | ઉપપ્રમુખ | અમદાવાદ |
| | ૨ | હરિકૃષ્ણ પાઠક | ,, | ગાંધીનગર |
| ૨ | ૧ | ડાહ્યાભાઈ પટેલ 'માસુમ' | પ્રકાશનમંત્રી | વિસનગર |
| | ૨ | ઉષા ઉપાધ્યાય | ,, | અમદાવાદ |
| ૩ | ૧ | પ્રિયકાન્ત પરીખ | સામાન્ય સભ્ય | અમદાવાદ |
| | ૨ | યશવંત કડીકર | ,, | ,, |
| | ૩ | મનસુખ સલ્લા | ,, | ,, |
| | ૪ | કીર્તિદા શાહ | ,, | ,, |
| | ૫ | રાજેન્દ્ર બી. પટેલ | ,, | ,, |

| | | | |
|---|---|---|---|
| ૬ ભારતી ર. દવે .................. | ,, | | અમદાવાદ |
| ૭ પ્રફુલ્લ દેસાઈ .................... | ,, | | સુરત |
| ૮ અજય પાઠક .................... | ,, | | ભાવનગર |
| ૯ નીતિન વડગામા .................. | ,, | | રાજકોટ |

### ક. લા. સ્વાધ્યાય મંદિરના નિયામક શ્રી રમેશભાઈ ર. દવેનો વિદાયસમારંભ

તા. ૩૦-૯-૨૦૦૯ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિરના નિયામક શ્રી રમેશભાઈ ર. દવે વયમર્યાદાના લીધે નિવૃત્ત થતાં એમને વિદાય આપવા પરિષદભવનમાં સમારંભનું આયોજન થયું હતું અને એમની સુદીર્ઘ સેવાને બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વપ્રમુખ શ્રી રઘુવીર ચૌધરી, શ્રી વિનોદ ભટ્ટ અને વર્તમાન પ્રમુખ શ્રી નારાયણભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં ગૌરવપૂર્ણ રીતે સમારંભ સંપન્ન થયો હતો. રમેશભાઈ દવેએ પ્રતિભાવમાં કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. શ્રી મનસુખભાઈ સલ્લાએ સમારંભનું સંચાલન કર્યું હતું અને શ્રી અનિલાબહેન દલાલે આભારવિધિ કરી હતી.

## અનેરી સમન્વયયાત્રા | રાજેન્દ્ર પટેલ

સાહિત્યયાત્રાનો એક સર્વસામાન્ય અનુભવ એ રહ્યો કે સ્થળે સ્થળે યાત્રાનો અનુભવ જુદો જુદો રહ્યો. દરેક કાર્યક્રમનાં રંગરૂપ અલગ અલગ રહ્યાં. જાણે આખી યાત્રા જ સર્જનાત્મક અનુભૂતિનો વિષય બની ગઈ. તા. ૨૬ સપ્ટેમ્બર ૨૦૦૯ની એ સવાર ક્યારેય નહીં ભુલાય. સાહિત્યયાત્રા – પાંચનો ત્રીજો દિવસ. ગ્રંથયાત્રાનો આરંભ શરણાઈના સૂર અને ઢોલકની થાપથી, સ્થાનિક કલાકારોએ કર્યો. પછી ઊંટગાડીમાં પુસ્તકો. એની પાછળ હિન્દુ, મુસ્લિમ, શીખ વગેરે વિદ્યાર્થિનીઓ પછી વિદ્યાર્થીઓ, સાહિત્યકારો અને નગરજનો. લગભગ ૧૨૦૦ વ્યક્તિઓની આ ગ્રંથયાત્રા જોવા શેરીઓમાં લોકો અટારીમાં ટોળે વળેલાં. ચોરેચૌટે થતાં સ્વાગત અને આવકારમાં નગરજનોનો ભાવ સ્પંદિત થતો હતો. બેનર્સ, પ્લેકાર્ડ અને ''માતૃભાષા અમર રહો''ના નારાથી આખી ગ્રંથયાત્રા વધુ જીવંત થઈ ઊઠી'તી. ઠેર ઠેર જાહેરાતનાં પાટિયાં વચ્ચે ગ્રંથયાત્રાનાં બેનર્સ મગરૂરીથી ફરફરતાં હતાં. ગોધરા શહેરમાં યોજાયેલી આ સાહિત્યયાત્રાએ એક નવો અર્થ આપ્યો. 'સમન્વયયાત્રા' જ્યારે ગ્રંથયાત્રા સભામાં રૂપાંતર થઈ ત્યારે શ્રોતાઓમાં આઠ વર્ષનો બાળકલાકાર પણ હતો ને સો વર્ષના સાહિત્યરસિક દાદાજી પણ હતા. સંગીત, નૃત્ય, કાવ્યપઠન, કાવ્યગાન વગેરેમાં નવસર્જકો સાથે નીવડેલા સાહિત્યકારો – કળાકારોએ પણ ભાગ લીધો. સ્થાનિક મિત્ર વિનોદ ગાંધી, કુમાર જૈમિની પંડ્યા, ઋષભ મહેતા વગેરેએ ખૂબ મહેનત કરી હતી. તો બહારથી જયદેવ શુક્લ, મણિલાલ હ. પટેલ તથા રાજેન્દ્ર શુક્લ, નયના જાની, અનિલ ચાવડા, કૃષ્ણ દવે વગેરે ઉપસ્થિત હતાં. સભામાં અંતે ભાગ્યેશ જહાએ પણ ઉપસ્થિત રહી માતૃભાષાનો મહિમા કર્યો હતો.

આમ, મધ્ય ગુજરાતની આ આખી સાહિત્યયાત્રા ખૂબ સફળ રહી. પ્રથમ પડાવ વડોદરા (તા. ૨૪-૯-૦૯)નો હતો. હરિકૃષ્ણ પાઠક, મનસુખ સલ્લા અને ઉષાબહેન ઉપાધ્યાય સીધા આવ્યાં હતાં. નારાયણભાઈ, રાજેન્દ્ર શુક્લ, નયના જાની – અમે સૌ પહેલાં પહોંચ્યાં સરદાર સ્કૂલ ખાતે. આ કાર્યક્રમની વિશિષ્ટતા એ રહી કે સ્થાનિક કળાકારોએ ભવાઈના પ્રયોગ દ્વારા સાહિત્યયાત્રાના ઉદ્દેશોને રજૂ કર્યા. ઉત્કર્ષ સ્કૂલના કાર્યક્રમમાં નયનાબહેનની કવિતા 'ગુજરાતીમાં' છવાઈ ગઈ. બપોરનું ભોજન જગદીશભાઈ શાહને ત્યાં લીધું ને તરત જ દોડી પહોંચ્યાં યુનિવર્સિટીની રેલીમાં. શિરીષ પંચાલ સહિત લગભગ બધા સાહિત્યકાર મિત્રો ઉપસ્થિત રહ્યાં. નીતા ભગતે ગુજરાતી વિભાગમાં નારાયણભાઈનું સ્વાગત કર્યું ને પછી સભામાં રૂપાંતર પામેલી સંગોષ્ઠિ યોજાઈ. ત્યાંથી સીધા તાલીમ કેન્દ્રના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સમક્ષ એક ગોષ્ઠિનું આયોજન થયું. હજુ સાંજ પડે ત્યાં પ્રેમાનંદ સભામાં ગોઠવાયેલી સભામાં દોડવું પડ્યું. નારાયણ દેસાઈ યાત્રામાં ભાગ લે એ પહેલાં એમના ડૉક્ટરે એક શરત કરી હતી. તેમને એક કે બે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની છૂટ આપેલી. અમે એક તરફ એ ચિંતામાં ને બીજી તરફ લોકોની નારાયણભાઈની ઉપસ્થિતિની અપેક્ષા. બંને વચ્ચે ખાસ્સા રહેંસાયા. ક્યાંક મિત્રોને નારાજ પણ કર્યાં. પરંતુ પ્રેમાનંદ સભામાં નવરાત્રિના માહોલમાંથી સાહિત્યકાર મિત્રો આવેલાં ને એક સરસ સાહિત્યગોષ્ઠિ યોજાઈ. સરસ સંવાદ થયો. ખાસ તો રાજેશ પંડ્યા અને પ્રદીપ પંડ્યાના વિચારો ખૂબ ઉપકારક લાગ્યા. ઘણાં વડીલોએ આ આખા ઉપક્રમમાં ભાગ લીધો. પ્રેમાનંદ સભાના તમામ હોદ્દેદારોની સામેલગીરી અનન્ય હતી.

સાવલીની સાહિત્યયાત્રામાં શિરીષ પંચાલ અને રાજેશ પંડ્યા જોડાયા. મણિલાલ હ. પટેલ સીધા આવી પહોંચ્યા. જયદેવ શુક્લ અને મિત્રોએ બીજી સંસ્થાઓની મદદથી આખા દિવસના કાર્યક્રમો ગોઠવેલા. સાવલી કૉલેજનો કાર્યક્રમ પત્યા પછી ગ્રંથયાત્રા રૂપે સાવલી હાઈસ્કૂલમાં ગયાં અને ત્યાં સભા ભરી. કન્યાશાળામાં વિદ્યાર્થિનીઓ અને શિક્ષકો સાથે વિશદ સાહિત્યગોષ્ઠિ થઈ પણ, ખરી કસોટી ગંગોત્રી સ્કૂલનાં બાળકો સાથે થઈ. નાનાં બાળકોને આપણી વાત કેવી રીતે પહોંચાડવી ! નયનાબહેનનાં બાળકાવ્યો ખપમાં આવ્યાં. રાજેશ પંડ્યાએ બાળગીત ગવડાવ્યું ત્યારે સૌ કોઈ એની કાબેલિયત પર ડોલી ઊઠ્યા. રાજેશ પંડ્યાની આ ખૂબીની તો કલ્પના જ ન હતી. યાત્રા દરમ્યાન નજીકના મિત્રોની છૂપી ખૂબીઓ ખૂબ અંકે થઈ છે. રાતે જયદેવ શુક્લની બાને વંદના કરવા ગયાં. એમનું ઘર અને પ્રેમ બંને જાણે સાહિત્યયાત્રાનો એક ભાગ જ બની ગયાં. મોડી રાત સુધી સાહિત્યયાત્રા અંતર્ગત અનેક મુદ્દા ચર્ચતાં હંમેશાં થાકને બદલે તાજગી જ મળી છે !

લુણાવાડાનો ચોથો દિવસ પણ અદ્ભુત રહ્યો. સાહિત્યયાત્રાની રેલીમાં આગળ એન.સી.સીનું બૅન્ડ, પછી વિદ્યાર્થિનીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, નગરજનો અને છેલ્લે નારાયણ દેસાઈ સાથે સ્થાનિક સાહિત્યકારો અને સાથી સાહિત્યકારો જોડાયાં હતાં. નારાયણ દેસાઈનો વેશ જોવા જેવો હતો... ઘૂંટણ સુધી લુંગી, માથે ફાળિયું ને અંગે બંડી. અસલ દાંડીકૂચના ગાંધી યાદ આવ્યા. ભરબપોરે એમની સાથે સાથે પ્રવીણ દરજી, કાનજી પટેલ સહિત સ્થાનિક મિત્રો અને યાત્રામાં જોડાયેલાં સાહિત્યકારો તો ખરાં જ. દરેક કાર્યક્રમને અંતે રાજેન્દ્ર શુક્લનો કાવ્યપાઠ થતો. નારાયણભાઈ કહેતાં : આપણામાં આ એક મૂર્ધન્ય અને આપણે બધાં ધન્ય ! પંચશીલ હાઈસ્કૂલમાં સભા અને વિરામ બાદ સ્થાનિક વિદ્યાર્થીઓ

દ્વારા પુસ્તકગોષ્ઠિ યોજાઈ. લગભગ દસબાર પુસ્તકો વિશે ખૂબ ટૂંકમાં છણાવટથી વિદ્યાર્થીઓને વક્તવ્ય આપતાં જોઈ સંતોષ અને ગર્વની લાગણી થઈ. કેટલાંક વિદ્યાર્થીઓની રજૂઆત શિક્ષકો સહિત સૌને દંગ પમાડે તેવી હતી. કુલ ૨૧ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં સામેલ હતા જેમને પહેલી વાર આટલો મોટો મંચ મળ્યો હતો. ત્યાંના જૂના પુસ્તકાલયમાં પુસ્તકપ્રેમીઓ અને નગરજનો સાથેની સંગોષ્ઠિ ઉત્તમ રહી. રાતના કાર્યક્રમમાં કવિઓ ઉપરાંત સ્થાનિક નવોદિતો પણ જોડાયાં અને અંતે પ્રવીણભાઈ દરજીનું અદ્‌ભુત સમાપન રહ્યું. નરેન્દ્ર જોષી અને એમનાં પત્નીએ એટલી બધી કાળજી લીધી હતી કે છૂટાં પડતાં સ્વજનના સ્નેહનો અનુભવ થયો. વહેલી સવારે નીકળતાં લુણાવાડાની રમણીય ટેકરીઓથી છૂટા પડવાનું મન થતું ન હતું.

આણંદ પહોંચ્યા તે દિવસે દશેરાની રજા હતી. બધું જ બંધ. તોય એન. એસ. પટેલ કૉલેજનો હૉલ વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સાહિત્યકારોથી છલકાયો. દીવાન ઠાકોર અમદાવાદથી આવેલાં અને યોગાનુયોગ અમરેલીના હર્ષદ ચંદારાણાય હાજર રહ્યા. સ્થાનિક સાહિત્યકારોમાં ખાસ જૉસેફ મૅકવાન હાજર રહ્યા અને એમણે સરસ વક્તવ્ય આપ્યું. પરમ પાઠક, ભગીરથ બ્રહ્મભટ્ટ અને બીજા મિત્રોય ઉપસ્થિત રહ્યા. અજયસિંહ ચૌહાણનો પરિશ્રમ લેખે લાગ્યો. ઉત્તમ સાહિત્ય-સંગોષ્ઠિ યોજી શકાઈ. એ દિવસે ત્યાં પરિષદના પુસ્તકનું વેચાણ રાખ્યું હતું. ત્રણચાર કલાકમાં તમામ પુસ્તકો ખરીદાઈ ગયાં એ આજની પેઢીનો ઉત્સાહ નહીં તો બીજું શું ? ટ્રસ્ટી હાજર રહ્યા અને પ્રિન્સિપાલ ખડે પગે. લાગે છે સાહિત્યયાત્રાને અનેક સંસ્થાઓનો સહકાર સાંપડ્યો એ સમાજનો પરિષદ પ્રત્યેનો લગાવ દર્શાવે છે. સ્થળે સ્થળે યુવાન સાહિત્યકારોનો ઉમળકો જોઈ સાહિત્યની આવતીકાલ માટે ચિંતા કરવા જેવું નથી. એમની નિસબત પણ સાંપડી છે એ મોટી મૂડી છે. વલ્લભવિદ્યાનગરનો કાર્યક્રમ પણ વિશિષ્ટ રહ્યો. વિદ્યાર્થીઓનાં વક્તવ્યો બાદ કાવ્યસંમેલન પણ યોજાયું. સ્થાનિક સાહિત્યકાર જયેન્દ્ર શેખડીવાળા, અશોકપુરી ગોસ્વામી, જયંત ઓઝા વગેરેનો સક્રિય ફાળો રહ્યો. રાજેન્દ્રસિંહ જાડેજાએ એમની સંસ્થામાં આયોજન કર્યું તો પીયૂષ જોષીએ સઘળો કાર્યભાર ઉપાડ્યો. અનેક મિત્રો હાજર હતાં એનો સવિશેષ આનંદ છે.

સાહિત્યયાત્રા દરમિયાન કેટલાંક દુર્લભ દૃશ્યો સહજ ઊભાં થતાં રહ્યાં એક દૃશ્ય કદી નહિ ભુલાય. સ્થળ નડિયાદ હાસત મહેતાનો દીવાનખંડ, સાંજનો સમય. એક સોફા પર નારાયણ દેસાઈ, યાજ્ઞિક સાહેબ બેઠા છે; બીજા સોફા પર કુમારપાળ દેસાઈ અને રતિલાલ બોરીસાગર બેઠા છે, ત્રીજા પર રાજેન્દ્ર શુક્લ, નયનાબહેન, વિનોદ અધ્વર્યુ છે; જમીન પર હું અને હસિત બેઠા છીએ. ચર્ચાનો મુદ્દો દિવસ દરમ્યાન થયેલા કાર્યક્રમોના મૂલ્યાંકનનો છે. એમાંથી અનાયાસ જ સવારની રેલીની વિશિષ્ટતા નજરે પડી. રેલી દરેક સાક્ષરોના ઘર પાસેથી તેમને વંદન કરતી આગળ વધેલી. નક્કી એવું થયું હવે દરેક સ્થળે દિવંગત સાહિત્યકારો પ્રતિ વંદનાનો કાર્યક્રમ યોજવો. એનો અમલ પણ બીજા દિવસે ધંધૂકાથી જ થયો. હેમચંદ્રાચાર્યના સ્મારક પાસે આખી રેલી પહોંચી. વિદ્યાર્થીઓ સહિત બધાંએ એ સ્થળની મુલાકાત લીધી. નડિયાદના બધા જ કાર્યક્રમો ઉત્તમ રહ્યા. હસિત મહેતા ને યાજ્ઞિકસાહેબે નડિયાદમાં બહુ સક્રિય વાતાવરણ રચ્યું હતું. સિનિયર સિટિઝન સાથેની પ્રશ્નોત્તરી હોય કે નગરજનો સાથે સંવાદ હોય – બધાય કાર્યક્રમો ઉત્તમ રહ્યા. માતૃભાષા



અને સાહિત્યના બધાય સંદર્ભો સૌને અવગત કરતાં કરતાં જાણે અવનવાં તારણો અને પરિમાણો પણ ઊભરતાં જાય છે.

ધંધૂકાનો દિવસ કંઈ જુદી રીતે પસાર થયો. અમદાવાદથી સતીશ વ્યાસ આવેલા. સ્થાનિક સંયોજક તરીકે રઘુવીરસિંહ ચુડાસમા હતા. ડી. એ. હાઈસ્કૂલથી હેમચંદ્રાચાર્યના સ્મારક સુધી રેલી નીકળી. રેલીમાં ભાગ લેનાર સ્થાનિક વ્યક્તિઓએ પણ કદાચ આ સ્થાનમાં આ પહેલાં પ્રવેશ નહીં કર્યો હોય એમ લાગતું હતું. સર્વ શિક્ષકો, આચાર્ય, ટ્રસ્ટીઓનો ઉમળકો એવો હતો કે સૌને દાળબાટીનું ભોજન કરાવ્યું.

કેટકેટલી રીતે સાહિત્યયાત્રાના ઉદ્દેશો સંક્રાંત થાય છે એ વિશે વાત કરવા તો કંઈ કેટલાંય પાનાં જોઈએ. અમદાવાદની રેલીમાં છેલ્લે પ્રકાશ ન. શાહે જે નારા બોલાવ્યા એ જોઈ હવે પછીની યાત્રાઓમાં એમનો આગવો લાભ લેવો એવું નક્કી થઈ ગયું છે. તો તમામ હોદ્દેદારો રેલીમાં જોડાયા, પરિષદના પારુલબહેન દેસાઈ, ઈતુભાઈ અને તમામ સ્ટાફે ઊભા પગે બંને દિવસ કામ કર્યું. ૧લી ઑક્ટોબરે બપોરના ત્રણ સંસ્થાઓમાં કીર્તિદાબહેન, રતિલાલ બોરીસાગર અને સતીશ વ્યાસે યાત્રાના ભાગ રૂપે સાહિત્ય સંવાદ યોજ્યો હતો. રાતના કવિસંમેલનનું પ્રવીણ પંડ્યાએ સંચાલન કર્યું હતું. ૨જી ઓક્ટોબરે સાહિત્યયાત્રાના સમાપન-કાર્યક્રમમાં નવસારીથી મહાદેવભાઈ દેસાઈ તથા જયપ્રકાશભાઈ, સુરેન્દ્રનગરથી ચંદ્રકાન્ત વ્યાસ, માંડવીથી ગોરધનભાઈ કવિ, લુણાવાડાથી નરેન્દ્ર જોષી ઉપરાંત અનેક સ્થળોથી સાહિત્યયાત્રાના સંયોજકો હાજર રહ્યા હતા. આ સાહિત્યયાત્રા સતત ચાલતી જ રહેવી જોઈએ એવો બધાનો સૂર હતો. બધાએ આ માટેની કટિબદ્ધતા દર્શાવી હતી.

**નોંધ :** આ લેખમાં કોઈ મિત્રનું નામ રહી ગયું હોય તો ક્ષમ્ય ગણવા વિનંતી કારણ કે લેખનો ઉદ્દેશ ‘મધ્ય ગુજરાતની સાહિત્યયાત્રાની ગતિવિધિની નોંધ’ જણાવવી એવો છે.

□

## ગુજરાતી સાહિત્ય પરિષદ : પિસ્તાલીસમું અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદનું પિસ્તાલીસમું અધિવેશન શ્રી ભગવતીકુમાર શર્માના અધ્યક્ષપદે બાનો ભીખ્ખુ સાહિત્યસભાના ઉપક્રમે, નવસારીમાં તા. ૨૫-૨૬-૨૭ ડિસેમ્બર, ૨૦૦૯ યોજવામાં આવ્યું છે. અધિવેશનનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે :

**પહેલી બેઠક – ઉદ્‌ઘાટનબેઠક : તા. ૨૫-૧૨-૦૯, શુક્રવાર, બપોરના ૩.૦૦થી ૬.૦૦**

ગીત, સ્વાગતમંત્રીનું નિવેદન, સ્વાગત પ્રમુખનું પ્રવચન, મહેમાનોનું સ્વાગત, પરિષદમંત્રીનો વાર્ષિક અહેવાલ, નિવૃત્ત થતા પ્રમુખશ્રીનું વક્તવ્ય : શ્રી નારાયણભાઈ દેસાઈ, પ્રમુખશ્રીને કાર્યભાર-સોંપણી, ઉદ્‌ઘાટન (દીપપ્રાગટ્ય), ઉદ્‌ઘાટક : શ્રી મહાશ્વેતાદેવી, વરાયેલા પ્રમુખશ્રીનો પરિચય, પ્રમુખશ્રીનું વ્યાખ્યાન : શ્રી ભગવતીકુમાર શર્મા, અતિથિવિશેષનું વક્તવ્ય : શ્રી ભોળાભાઈ પટેલ, આભારવિધિ

**બીજી બેઠક : આસ્વાદ : તા. ૨૫-૧૨-૦૯, શુક્રવાર, રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦**

કાવ્યપ્રત્યક્ષ : કવિતા : ગાન, પઠન અને આસ્વાદ – અધ્યક્ષ : નીતિન વડગામા

**ત્રીજી બેઠક – સર્જન વિભાગ :**

**તા. ૨૬-૧૨-૦૯, શનિવાર, તા. ૨૬-૧૨-૦૯, સવારે ૯.૦૦થી ૧૨.૦૦**

**ગુજરાતીમાં નિબંધ : સ્વરૂપ અને વિકાસ**

અધ્યક્ષ : શ્રી રતિલાલ બોરીસાગર

સંચાલન : શ્રી અનિલા દલાલ

હાસ્યનિબંધ : રતિલાલ બોરીસાગર

લલિતનિબંધ : ભગીરથ બ્રહ્મભટ્ટ

વિચારપ્રધાન નિબંધ : કાંતિ શાહ

પ્રવાસનિબંધ : ભારતીબહેન રાણે

**ચોથી બેઠક – વિવેચન-સંશોધન વિભાગ :**

**શનિવાર, તા. ૨૬-૧૨-૦૯, બપોરે ૩.૦૦થી ૬.૦૦**

અધ્યક્ષ : શરીફા વીજળીવાળા

સંચાલન : ભારતી ર. દવે

વક્તાઓ : મીનળ દવે, પિનાકિનીબહેન પંડ્યા, નરેશ શુક્લ

**પાંચમી બેઠક – રાત્રી કાર્યક્રમ** (યજમાન સંસ્થા તરફથી)

શનિવાર, તા. ૨૬-૧૨-૦૯, રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦

રવિવાર, તા. ૨૭-૧૨-૦૯, સવારે ૮.૦૦થી ૯.૦૦

સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિ બેઠક

**છઠ્ઠી બેઠક – પરિસંવાદ : ભાષા-સાહિત્ય ક્ષેત્રે પારસીઓનું પ્રદાન**

અધ્યક્ષ : મેરુ બંગાલી

સંચાલન : રવીન્દ્ર પારેખ

નવલકથાક્ષેત્રે : દર્શના ધોળકિયા

નાટ્યક્ષેત્રે : યઝદી કરંજિયા

સંશોધનક્ષેત્રે : દસ્તુર ફિરોજ કોટવાલ

કવિતાક્ષેત્રે : ડૉ. જાલ તુરેલ

**સાતમી બેઠક : રવિવાર, તા. ૨૭-૧૨-૦૯, સવારે ૧૧.૩૦થી ૧.૦૦**

ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું અધિવેશન, ઠરાવો અને સમાપનબેઠક

સ્વાગતપ્રમુખનો પ્રતિભાવ, પરિષદપ્રમુખનો પ્રતિભાવ, આભારવિધિ

**નોંધ :** અધિવેશનમાં ભાગ લેવા માગતા ડેલિગેટ્સે ભોજન-ઉતારા ફી રૂ. ૨૦૦ તથા ડેલિગેટ ફી રૂ. ૧૦૦ ભરવાની રહેશે. વિદ્યાર્થીઓને ૫૦ ટકા કન્સેશન મળશે (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરે તે વિદ્યાર્થીને સર્ટિફિકેટ આપવામાં આવશે). ભોજન-ઉતારા ડેલિગેટ ફી તા. ૧૦-૧૨-૦૯ સુધીમાં પરિષદ કાર્યાલયમાં ભરી દેવામાં આવે તો વ્યવસ્થામાં વિશેષ અનુકૂળતા રહેશે.



૫૨બ  નવેમ્બર, 2009